# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18/02/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , લોથલના રાષ્ટ્રીય સમુદ્રી ધરોહર સંકુલમાં ભારત ફ્રાન્સ સાથે મળીને કામ કરશે.**
2. **નાણામંત્રી કનુ દેસાઈ આજે વિધાનસભામાં અંદાજપત્ર રજૂ કરશે.**
3. **વિધાનસભામાં સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ-1949 સુધારા વિધેયક પસાર.**
4. **દિલ્હી ATS-એ કચ્છના મુંદરા બંદર પરથી પ્રતિબંધિત કેફી પદાર્થ મિશ્રિત ગોળીઓનો આઠ કરોડ રૂપિયાનો જથ્થો કબજે કર્યો.**
5. **રાજ્યકક્ષાની હૉકી સ્પર્ધામાં DLSS ધ્રોલની વિદ્યાર્થિનીઓએ સુવર્ણ ચંદ્રક જીત્યો.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# PM MODI ON LOTHAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , ભારત અને ફ્રાન્સ બંને પ્રાચીન અને સમૃદ્ધ સભ્યતા છે. મુંબઈમાં ગઈકાલે ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોં સાથેના સંયુક્ત નિવેદનમાં શ્રી મોદીએ યુગે યુગીન ભારત સંગ્રહાલયમાં સહયોગ અંગે આનંદ વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, હવે અમદાવાદમાં લોથલના રાષ્ટ્રીય સમુદ્રી ધરોહર સંકુલમાં પણ ભારત ફ્રાન્સ સાથે સહયોગ કરવા જઈ રહ્યું છે.

**(BYTE: NARENDRA MODI, PM)**

---

# STATE BUDGET VIDHANSABHA

ગુજરાત વિધાનસભા સત્રના ત્રીજા દિવસે આજે નાણામંત્રી કનુ દેસાઈ ગૃહમાં વર્ષ 2026-27નું અંદાજપત્ર રજૂ કરશે. સત્તાવાર યાદી મુજબ , બપોરે 12 વાગ્યે તારાન્કિત પ્રશ્નોત્તરી સાથે ગૃહનું કામકાજ શરૂ થશે. દરમિયાન નાણામંત્રી વિવિધ વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રક પણ રજૂ કરશે.

બીજી તરફ , ગઈકાલે ગૃહમાં સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત વહીવટ પતાવટ અને ખેતીની જમીન વટહુકમ-1949ની કલમ-75 અને 75-એ-માં સુધારા સૂચવતું વિધેયક પસાર કરાયું. મહેસુલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ ગૃહમાં વિધેયકને રજૂ કરતા તેને રાજ્યના ખેડૂતોના હિતનું રક્ષણ કરનારું ગણાવ્યું.

તેમણે કહ્યું , જમીન વ્યવહારોમાં કાયદાકીય સ્પષ્ટતા આવશે અને ગેરકાયદે જમીન તબદિલી પર અંકુશ આવશે. સાથે જ ગેરકાયદે વેચાયેલી જમીન ત્રણ મહિનામાં મૂળ ખાતેદારને પરત મળશે.

# (VOICECAST: NIKITA SHAH)

(….ગૃહમાં આ વિધેયક રજૂ કરતા મહેસુલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ હાલની જોગવાઈમાં માત્ર અનધિકૃત કબજો ખાલી કરાવવાની જ જોગવાઈ છે. આ સુધારા દ્વારા હવે ગેરકાયદે તબદિલીના કિસ્સામાં સ્પષ્ટ અને વ્યવસ્થિત પ્રક્રિયા નક્કી કરવામાં આવી રહી છે. તે મુજબ , કલેક્ટર આપમેળે અથવા જમીનમાં હિત ધરાવતી કોઈ વ્યક્તિની અરજીના આધારે કાર્યવાહી શરૂ કરી શકશે. જો તબદિલી ગેરકાયદે જણાય તો કલેક્ટર ત્રણ મહિનાની મુદતમાં જમીન વેચનારને જમીન પરત કરવા જણાવશે અને ખરીદનારે તે જમીન પરત કરવાની રહેશે.

જો નક્કી કરેલી મુદતમાં જમીન અગાઉની સ્થિતિમાં પરત ન કરાય , તો કલેક્ટર તબદિલી ગેરકાયદેસર જાહેર કરશે અને આવી જમીન તમામ બોજા રહિત સરકારમાં નિહિત થશે અને આવી જમીનનો નિકાલ સરકારી પડતર જમીન તરીકે કરાશે.

આ જ પ્રકારે કલમ-75-એ માં સૂચિત સુધારા સૂચવતા શ્રી મહિડાએ કહ્યું , આ સુધારા દ્વારા દંડના કિસ્સામાં બિનખેડૂત વ્યક્તિ અથવા સંસ્થાએ જમીનના પ્રવર્તમાન જંત્રી કિંમતની ત્રણ ગણી રકમ એક મહિનાની મુદતમાં ભરપાઈ કરવી પડશે અને સદર જમીન વેચાણ આપનારા ખેડૂત ખાતેદારને અગાઉની સ્થિતિમાં પરત કરવાની રહેશે.

(નીકિતા શાહ, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ)

---

# SHIVAJI PRATIMA AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે ગાંધીનગરમાં મહારાષ્ટ્ર ભવન ખાતે છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાનું અનાવરણ કર્યું. આ પ્રસંગે તેમણે કહ્યું , શિવાજી મહારાજની આ પ્રતિમા વર્તમાન અને આગામી પેઢીને સાહસ , વ્યૂહરચના અને સ્વરાજના સંકલ્પની યાદ અપાવતી રહેશે.

શ્રી શાહે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ લખેલા શિવાજીનું હાલરડુંનો પણ ઉલ્લેખ કર્યો હતો.

# (BYTE - AMIT SHAH)

---

# MUNDRA PORT DRUGS

દિલ્હી આતંકવાદ વિરોધી દળ – **ATS**ની ટીમે કચ્છના મુંદરા બંદર પરથી પ્રતિબંધિત કેફી પદાર્થ મિશ્રિત ગોળીઓનો જથ્થો કબજે કર્યો છે. તેની કિંમત અંદાજે આઠ કરોડ રૂપિયા જેટલી હોવાનું મનાય છે.

અમારા પ્રતિનિધિ હેમાન્ગ પટ્ટણી જણાવે છે, માહિતીના આધારે **A.T.S.**ની ટીમે બંદર પર આવેલા એક કન્ટેનરની તપાસ કરતા સંતાડીને લવાતો આ પ્રતિબંધિત કેફી પદાર્થ મિશ્રિત પદાર્થ મળી આવ્યો હતો.

---

# SIR MEETING

અમદાવાદમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા **SIR** પ્રક્રિયા દરમિયાન બુથ સ્તરના અધિકારી- **BLO**એ **62** લાખ **69** હજાર મતદારો સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો. આ અંગે અમદાવાદના કલેક્ટર સુજીત કુમારે વધુ માહિતી આપી.

## (બાઈટ – સુજીતકુમાર, કલેક્ટર અમદાવાદ)

દરમિયાન કલેક્ટરની અધ્યક્ષતામાં વિવિધ રાજકીય પક્ષના પ્રતિનિધિઓ સાથે યોજાયેલી બેઠકમાં તેમને આખરી મતદારયાદીની નકલ સુપરત કરવામાં આવી.

---

# SIR OVERALL

રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા **SIR** પ્રક્રિયા બાદ ચૂંટણી પંચે આખરી મતદાર યાદી જાહેર કરી. તેમાં રાજ્યના કુલ ચાર કરોડ 40 લાખ 30 હજાર **725** મતદાર નોંધાયા. મુસદ્દા મતદાર યાદીની પ્રસિદ્ધિ બાદ **5** લાખ **60** હજાર મતદારનો વધારો આખરી મતદાર યાદીમાં થયો.

રાજ્યમાં 50 હજાર 963 બુથ સ્તરના અધિકારીઓ **BLO**એ ઘરેઘરે જઇ ગણતરી પત્રક આપી મતદારોના મેપીંગ અને મેચીંગની કામગીરી સુપેરે પાર પાડી. **SIR** દરમિયાન મળેલા નાગરિકોના અદ્યતન ફોટોગ્રાફ પણ આગામી મતદાર યાદીમાં પ્રસિદ્ધ કરાશે.

પહેલી જાન્યુઆરી-**2026**ની લાયકાતની તારીખે **18** વર્ષ પુર્ણ કરનારા યુવાનો આગામી સમયમાં પણ ફોર્મ નંબર **6** ભરીને તેઓનું નામ ભવિષ્યમાં પ્રસિદ્ધ થનારી મતદાર યાદીમાં દાખલ કરાવી શકે છે. વખતો-વખત કરાતા સતત સુધારણા અંતર્ગત નાગરિકો પણ ફોર્મ નં **6,7** અને **8** ભરી શકશે.

---

# SURENDRANAGAR SIR MEETING

સુરેન્દ્રનગરમાં પણ કલેક્ટરે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને આખરી મતદાર યાદીની નકલ સોંપી. તેમણે તેમના પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ કરવા અંગે માર્ગદર્શન આપ્યું.

ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં કુલ 13 લાખ 44 હજાર 860 મતદાર નોંધાયા છે. જો કોઈ પાત્રતા ધરાવતા નાગરિકનું નામ રહી ગયું હોય તો ફોર્મ નંબર 6 ભરી શકે છે અને અપાત્ર વ્યક્તિના નામ બાબતે ફોર્મ નંબર 7 દ્વારા તંત્રને જાણ કરી શકાય છે.

---

## DEVMOGARA MELO

નર્મદામાં આદિવાસી સમુદાયનાં કુળદેવી અને આસ્થાના કેન્દ્ર દેવમોગરામાં આવેલા યાહા-મોગી પાંડુરી માતાના મંદિર માં ભાતીગળ લોકમેળો શાંતિપૂર્ણ માહોલમાં ચાલી રહ્યો છે. મહાશિવરાત્રીથી શરૂ થયેલો મેળો આવતીકાલે પૂર્ણ થશે. તેમાં રાજ્યના વિવિધ ગામ સહિત મહારાષ્ટ્ર , રાજસ્થાન અને મધ્યપ્રદેશથી લોખોની સંખ્યામાં આવેલા શ્રદ્ધાળુઓએ કુળદેવીનાં દર્શન કર્યા.

આદિવાસીઓની અનોખી માન્યતા પ્રમાણે, યાહા મોગી માતાને ત્યાંથી ધાન્ય પ્રસાદરૂપે લઈ જઈ ખેતરમાં વાવી તથા અનાજના કોઠારમાં રાખે છે. આમ , કરવાથી બારે માસ ઘરમાં અનાજ ખૂટતું નથી તેવી અનોખી માન્યતા રહેલી છે.

---

## HOCKEY GOLD MEDAL

ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્યકક્ષાની હોકી સ્પર્ધામાં જામનગરની જિલ્લાસ્તરની રમતગમત સંકુલ - **DLSS** ધ્રોલની ટીમે સતત ચોથી વખત સુવર્ણ ચંદ્રક જીત્યો છે. તાજેતરમાં રમાયેલી **14** વર્ષથી ઓછી વયની બહેનોની સ્પર્ધામાં

**ખેલાડીઓએ મેળવેલી સિદ્ધિ અંગે ગુજરાત રમત ગમત સત્તામંડળ – SAGએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે.**

**બીજી તરફ, તાજેતરમાં સાઉદી અરેબિયાના પાટનગર રિયાધમાં રમાયેલી એશિયન લેક્રોસ એટલે કે , હોકી જેવી રમતની સ્પર્ધામાં ભારતને સુવર્ણ ચંદ્રક અપાવવામાં રાજ્યના હર્ષ નાયર અને ચિરાગ પાંડેએ મહત્વની ભૂમિકા ભજવી હતી. SAG-ના ડાયરેક્ટર જનરલ સંદીપ સાગળેએ ગાંધીનગરમાં આ બંને ખેલાડી સાથે મુલાકાત કરી તેમને શુભેચ્છા પાઠવી.**

---

# CRICKET T20 WORLDCUP

**ICC ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં આજે ભારત અને નેધરલેન્ડ્સ વચ્ચે અમદાવાદમાં મુકાબલો થશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સાંજે સાત વાગ્યે આ મેચ શરૂ થશે. ભારતીય ટીમ સૂર્યકુમાર યાદવ અને નેં ધરલેન્ડ્સની ટીમ સ્કોટ એડવર્ડ્સની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે.**

**આ પહેલા ગઈકાલની મેચમાં નેપાળે સ્કૉટલેન્ડને સાત વિકેટથી હરાવ્યું હતું. પહેલા બેટિંગ કરતા સ્કૉટલેન્ડે નેપાળને 171 રનનો લક્ષ્યાંક આપ્યો. જવાબમાં નેપાળે 19 ઑવર બે બોલમાં મેચ જીતી લીધી. નેપાળના દિપેન્દ્ર સિંહે સૌથી વધુ 50 રન બનાવતા તેમને પ્લેયર ઑફ ધ મૅચ જાહેર કરાયા. બીજી તરફ, ઑસ્ટ્રેલિયાના ટીમ આ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે.**

---

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી ચાર દિવસમાં ઠંડી ઘટવાની સંભાવના છે. હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, ગત 24 કલાકમાં રાજ્યમાં સૌથી ઓછું 12 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું છે. જ્યારે અમદાવાદમાં 19 અને ગાંધીનગરમાં ૧૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું છે.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

---